ગાંધીનગર મહાનગરપાલિકા
બહુમાળી ભવન,પ્રથમ માળ,સેક્ટર-૧૧,ગાંધીનગર-૩૮૨૦૧૧
ફોન નં:૦૭૯ ૨૩૨ ૨૦૪૪૦,ફેક્સ નં-૦૭૯ ૨૩૨ ૨૧૪૧૯
Email:gmc8gandhinagar@gmail.com

વંચાણે લીધું:-

(૧) પર્યાવરણ (સુરક્ષા) અધિનિયમ-૧૯૮૬ હેઠળ બાંધકામ અને તોડફોડ કચરાના વ્યવસ્થાપન નિયમો-૨૦૧૬

**ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં બાંધકામ અને તોડફોડના કચરાના વ્યવસ્થાપન અંગેનું જાહેરનામું.**

**જાહેરનામું:**

ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં બાંધકામ અને તોડફોડનો કચરો નગરજનો દ્વારા ખુલ્લા મેદાનો/કોમન પ્લોટ/ રસ્તાની બાજુમાં કે જાહેરસ્થળોએ નિકાલ કરવામાં આવતો હોવાથી જાહેર આરોગ્યને હાનિ પહોંચે તેવો ભય ઉત્પન્ન થાય અને અસ્વચ્છતાનું વાતાવરણ સર્જાય .

વાસ્તે,**હું ડૉ. રતનકંવર ગઢવીચારણ**,IAS કમિશનર,ગાંધીનગર મહાનગરપાલિકા,ગાંધીનગર શહેરમાં સ્વચ્છતાનું વાતાવરણ જાળવવા,ગુજરાત પ્રોવિન્શીયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ-૧૯૪૯ ની કલમ ૨૯૦ થી ૨૯૨ અન્વયે મળેલ સત્તાની રૂએ બાંધકામ કે તોડફોડના કચરાનું વ્યવસ્થાપન કરવા અંગે ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તાર માટે ફરમાવું છું,

ભારત સરકારે પર્યાવરણ (સુરક્ષા) અધિનિયમ-૧૯૮૬ હેઠળ બાંધકામ અને તોડફોડ કચરાના વ્યવસ્થાપન નિયમો-૨૦૧૬ બહાર પાડેલ છે. જે અન્વયે ગાંધીનગર મહાનગરપાલિકાએ, અમદાવાદ ખાતેના એન્વાયરો પ્રોજેક્ટ પ્રા.લીના પ્લાન્ટમાં ગાંધીનગર શહેરના બાંધકામ અને તોડફોડના કચરાનું રીસાયક્લીંગ કરી તેને યોગ્ય રીતે ઉપયોગી બનાવવા એમ.ઓ.યુ કરી શહેરમાં એકત્ર થયેલ બાંધકામ કે તોડફોડનો કચરો પ્લાન્ટમાં પહોંચાડવાની વ્યવસ્થા ગોઠવેલ છે.આ કામે ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં બાંધકામ અને તોડફોડના કચરાનાં નિકાલ માટે મહાનગરપાલિકાના વાહનોનાં દર નક્કી કરેલ છે:

(૧) જે.સી.બી. મોટુ પ્રતિકલાકના રૂા.૧૦૦૦/-લઘુત્તમ. ત્યારબાદ પ્રત્યેક ૧૫ મિનિટનાં રૂ.૨૫૦/-

(૨) જે.સી.બી. નાનું પ્રતિકલાકના રૂા.૮૦૦/- લઘુત્તમ. ત્યારબાદ પ્રત્યેક ૧૫ મિનિટનાં રૂ.૨૦૦/-

(૩) ટ્રેકટર-ટ્રોલી ૧ ફેરાના રૂા.૫૦૦/-

(૪) આઈશર ટ્રક ૧ ફેરાના રૂા.૧૦૦૦/-

અને શહેરીજનોને આવા કચરાનો નિકાલ કરવા હેલ્પ લાઈન શરુ કરેલ છે જેનો નંબર ૧૮૦૦-૧૦૮-૧૮૧૮છે તેના ઉપર જાણ કર્યેથી નિયત થયેલા દરો મુજબ ચાર્જ વસુલ લઈ યોગ્ય નિકાલની વ્યવસ્થા ગોઠવેલ છે.

આમ છતાં જે કોઈ વ્યક્તિ કે સંસ્થા દ્વારા બાંધકામ કે તોડફોડનો કચરો શહેરમાં ખુલ્લા મેદાનો/કોમનપ્લોટ/ રસ્તાની બાજુમાં કે જાહેર સ્થળ પર નિકાલ કરવામાં આવશે તો તે અંગે થનાર તમામ ખર્ચ વહીવટી ચાર્જ તરીકે કસુરવાર પાસેથી વસુલ લઈ કચરાનો યોગ્ય નિકાલ કરવામાં આવશે અને જે-તે ઇસમ/સંસ્થા કાયદેસરની કાર્યવાહીને પાત્ર ઠરશે.

આજ તા. ના રોજ મારા સહી-સિક્કા કરી આપ્યા છે.

(ડૉ. રતનકંવર ગઢવીચારણ)
કમિશ્નર
ગાંધીનગર મહાનગરપાલિકા

પ્રતિ,
વ્યવસ્થાપકશ્રી,
સરકારી મધ્યસ્થ પ્રેસ,સેક્ટર-૩૦ ,ગાંધીનગર.
૨/- ઉપર્યુક્ત જાહેરનામું સરકારી ગેજેટમાં પ્રસિધ્ધ થવા સારૂ.
નકલ રવાના જાણ તથા જરુરી કાર્યવાહી સારુ:
(૧) પોલીસ અધિક્ષકશ્રી ,ગાંધીનગર.
(૨) સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટશ્રી,ગાંધીનગર
(૩) જિલ્લા માહિતિ અધિકારીશ્રી, ગાંધીનગર તરફ સ્થાનિક અગ્રગણ્ય દૈનિક સમાચાર પત્રોમાં વિના મુલ્યે પ્રસિદ્ધ કરવા સારુ.
(૪) તમામ વોર્ડ કચેરીઓ ગાંધીનગર મહાનગરપાલિકા, તરફ નોટીસબોર્ડ પર પ્રસિધ્ધકરવા તથા અમલ કરવા સારૂ.
(૫) મ્યુનિ, સેક્રેટરી તરફ નોટીસબોર્ડ પર પ્રસિધ્ધ કરવા સારૂ.